# ***મે. એડિશનલ ચીફ જ્યુડિ.મેજિ.સાહેબની કોર્ટમાં, મુ.પાલિતાણા.***

**ફો.કેસ નં.–૧૪૭૩/૨૦૨૨.**

શ્રી સરકાર. ***..ફરીયાદી.***

**વિરૂદ્ધ**

વિજયભાઈ રાજુભાઈ વાઘેલા. ***..આરોપી.***

**ગુનોઃ–*ધિ ગુજરાત પ્રોહિ. એકટની કલમ–૬૫એએ અન્વયે.....***

**–/ઃચુ કા દોઃ/–**

(૧) આજરોજ નામ. નેશનલ લિગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક–અદાલત યોજવામાં આવેલ છે. નામ. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના તા.૮/૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક નંબર–૨૦૨/ ૨૦૨૨થી સ્પેશિયલ સિટીંગની મેજિસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે, તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) આરોપીને પ્રોસેસ ઇશ્યુ કરતા, તેઓ કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી, આરોપી વિરૂદ્ધ ચાર્જ ફ્રેમ કરી, પ્લી રેકર્ડ કરતા, આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

(૩) આરોપીએ ગુના કબૂલાત પુરસીસ આપી, જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુન્હો છે અને અમો સામાન્ય અને ગરીબ–વર્ગના છીએ અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કરી, અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી, અમો અમારા કુટુંબમાં એક જ કમાનાર સભ્ય છીએ, અમારા બાળ–બચ્ચાં તથા અમારા કુટુંબના ભરણપોષણની જવાબદારી અમાર ઉપર રહેલી છે, અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશું નહી તેવી ખાતરી આપીએ છીએ. જેથી અમારી સામાજિક તથા આર્થિક પરિસ્થિતિને ઘ્યાનમા રાખી, અમારી ઉપર રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૪) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે આરોપી વગર પાસ પરમીટના દારૂ સાથે પકડાયેલ છે જેથી આરોપી વિરૂદ્ધ ગુજરાત રાજ્ય નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે.

(૫) આરોપી વિરૂદ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી દ્વારા કરેલ ગુના કબૂલાત ઘ્યાને લેતા, તેમજ આરોપી આર્થિક તથા સામાજિક રીતે ગરીબ–વર્ગના જણાઇ આવે છે તેમજ આરોપી ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાતરી આપે છે. આ સંજોગોમાં, આરોપીએ જાહેર કરેલો પસ્તાવો, આરોપીની વર્તણુક, સામાજિક જવાબદારી ઘ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા, આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાઇ આવે છે જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે,

આરોપી ઉપર રહેમ–રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો, આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમાં, ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચિત માનું છું.

(૬) નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***STATE OF GUJARAT Vs. NATWAR HARCHANDJI THAKOR, 2005(1), GLR 709***ના ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિદ્ધાંતને હાલના કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ સજાની જોગવાઈ હોવા છતાં પણ, ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાઇ આવે છે.

(૭) સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતિ તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી, સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોઇ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:(આ ખ રી હુ ક મ):–**

**૧.** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ની કલમ–૨૪૧ અન્વયે ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો, આરોપીને દિન–૧ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલનો અપીલ સમય વીત્યે, કાયદાનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તારીખ–૧૨, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ના રોજ લોક–અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ:પાલિતાણા.

**(મેહુલ યોગેશભાઈ વ્યાસ)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
પાલિતાણા.
(કોડ નં.–જી.જે.૦૧૦૯૨).

એચ.બી.જોષી(પી.એ.).